# બારડોલી બસ દુર્ઘટનાના ૭૨ કલાક બાદ પણ પીડિતો અસહાય

**કેન્દ્રની** સહાય કન્ફર્મ, પણ ગુજરાત-મહારાષ્ટ્ર સરકારનું ભેદી મૌન

બારડોલી: બારડોલીના ઉવા ગામ નજીક નેશનલ હાઈવે-53 પર મહારાષ્ટ્ર એસ.ટી. નિગમની બે બસો વચ્ચે થયેલા ભયાનક અકસ્માતને ગુરુવારે ત્રણ દિવસ વીતી ગયા છે. આ ગમખ્વાર દુર્ઘટનામાં જીવ ગુમાવનારા અને હોસ્પિટલમાં જિંદગીની જંગ લડી રહેલા મુસાફરોના પરિવારો માટે હવે વળતરનો મુદ્દો સૌથી મોટો આક્રોશનો વિષય બન્યો છે. અકસ્માતને ૭૨ કલાક જેટલો સમય વીતી જવા છતાં, પીડિતોને આર્થિક સહાયના નામે માત્ર ઠાલા આશ્વાસનો જ મળી રહ્યાં છે. આ દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને વડાપ્રધાન કાર્યાલય દ્વારા પીએમ રિલીફ ફંડમાંથી મૃતકોના આશ્રિતોને ૨,૦૦,૦૦૦ અને ગંભીર રીતે ઘાયલ થયેલા મુસાફરોને ૫૦,૦૦૦ની આર્થિક સહાય આપવાની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારની આ ત્વરિત જાહેરાત બાદ તેની વહીવટી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, પરંતુ બંને રાજ્ય સરકારોનું વલણ નિરાશાજનક રહ્યું છે. દુર્ઘટના બાદ મહારાષ્ટ્ર પ્રશાસન દ્વારા જળગાંવ અને ધુળે પ્રશાસનને માત્ર સુરત પોલીસ સાથે વહીવટી સંકલન રાખવાના આદેશો જ અપાયા છે, પરંતુ પીડિતો અથવા મૃતકોના આશ્રિતો માટે કોઈ નક્કર આર્થિક પેકેજ કે વળતરની સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. ગુજરાત સરકારની પ્રવર્તમાન ડિઝાસ્ટર મેનેજમેન્ટ પોલિસી અને મુખ્યમંત્રી રાહત નિધિના નિયમો અનુસાર રાજ્યની ભૌગોલિક હદમાં જ્યારે પણ કોઈ મોટી હોનારત કે ગમખ્વાર અકસ્માત ઘટે છે ત્યારે મૃતકોના આશ્રિતોને ત્વરિત ધોરણે ૪,૦૦,૦૦૦ની આર્થિક સહાય ચૂકવવાની કાયમી જોગવાઈ છે. ઉવા ગામની આ ભયાનક બસ દુર્ઘટનામાં અકસ્માતગ્રસ્ત વાહનો મહારાષ્ટ્ર પાસિંગના હોવાના બહાના હેઠળ ગુજરાત સરકારના ઉચ્ચ વહીવટી તંત્ર દ્વારા પણ હજુ સુધી આ ૪ લાખની સહાય અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

## છેલ્લી લાશની ઓળખ માટે બારડોલી પોલીસની ટીમ પુત્રને લેવા મહારાષ્ટ્ર દોડી

**પ્રકાશ** વાઘ નામનાં દર્દીનાં પત્ની ગુમ હોવાથી પુત્રના સેમ્પલ લેવાયાં

બારડોલી: ઉવામાં બસ અકસ્માતમાં જાન ગુમાવનારા ૭ પૈકી ૬ની ઓળખ એક મોટો પડકાર બની હતી, જેમાંથી પાંચ મૃતદેહના ડીએનએ સેમ્પલ લેવાયા બાદ એકની ઓળખ માટે પોલીસે તપાસ તેજ કરી હતી. આ દરમિયાન હોસ્પિટલમાં દાખલ પ્રકાશ વાઘ નામનાં દર્દીનાં પત્ની ગુમ હોવાનું સામે આવતાં, પોલીસે તેમના પુત્રના ડીએનએ ટેસ્ટ કરાવવાનું નક્કી કર્યું હતું. આ કેસમાં કડી મળતાં જ બારડોલી ગ્રામ્ય પોલીસની એક વિશેષ ટીમ તાત્કાલિક એક્શનમાં આવી હતી અને ગુમ મહિલાના પુત્રને લેવા માટે પડોશી રાજ્ય મહારાષ્ટ્ર ખાતે તેમના વતન ગામ પહોંચી હતી. પોલીસ ટીમ પુત્રને મહારાષ્ટ્રથી સુરક્ષિત રીતે બારડોલી લઈને આવી હતી. ગુરુવારે બારડોલી ખાતે પુત્રના ડીએનએ સેમ્પલ લેવાની પ્રક્રિયા પૂર્ણ કરી તેને એફએસએલમાં મોકલી આપવામાં આવ્યાં છે. જેથી અકસ્માતનો ભોગ બનેલી છેલ્લી વ્યક્તિની સત્તાવાર ઓળખ થઈ શકે.

Milano MULTIPLEX
બારડોલી
Peddi
02:30pm, 06:00pm, 09:30pm
Hai Jawani Toh Ishq Hona Hai
10:00am, 01:00pm, 03:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
He Man - Hindi
12:00pm, 05:30pm
Bandar
11:00am, 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

## માંગરોળમાં GEBના વાયર ચોરી કરનારો ઝડપાયો

વાંકલ: સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે માંગરોળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જીઈબીના એલ્યુમિનિયમ વાયર ચોરીના ત્રણ ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપી અહમદ રઝા જાહિદઅલી સિદ્દીકી (ઉં.વ.૨૬) (રહે.,ભદકોદરા, અંકલેશ્વર)ની મોસાલી ચોકડી પાસેથી ધરપકડ કરી છે. ચોક્કસ બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ કાર્તિકાગીરી અને અમૃતભાઈ સહિતની ટીમે વોચ ગોઠવીને આરોપીને દબોચી લીધો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ ત્રણેય ચોરીની કબૂલાત કરી છે, જે અંતર્ગત તેની સામે BNS તથા ઈલેક્ટ્રિસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો છે. હાલ આરોપીને આગળની કાર્યવાહી માટે માંગરોળ પોલીસના હવાલે કરાયો છે.

## લાડવીમાં ટ્રક પાછળ બાઈક અથડાતાં એકનું મોત

કામરેજ: કામરેજના વલથાણ ખાતે ગેરેજ ચલાવતો ૨૭ વર્ષીય સોનુ પટેલ બુધવારે બપોરે બાઈક નં.(જીજે 05 એચએસ 5216) લઈ ગ્રાહકની ગાડી રિપેર કરવા નીકળ્યો હતો. લાડવીમાં હાઈવે પર ઊભેલી ટ્રક પાછળ બાઈક અથડાતાં ગંભીર ઈજાને કારણે તેનું મોત નીપજ્યું હતું.

# વાલોડમાં GETCOની વીજ લાઇન સામે ખેડૂતોનો આક્રોશ

**જમીન** સંપાદનના વળતરની ચર્ચા કર્યા વિના જ સરવેની કામગીરી શરૂ કરી દેવાયાના આક્ષેપ

**સમસ્યાનો** ઉકેલ નહીં આવે તો કલેક્ટર કચેરી ઘેરવાની ચીમકી



વાલોડ: વાલોડના નવા ફળિયા ખાતે ખેડૂત અગ્રણી પરિમલ પટેલની ઉપસ્થિતિમાં એક મહત્ત્વની સભા યોજાઈ હતી. જેમાં વાલોડ, નવા ફળિયા, દોડકીયા ફળિયું અને બુટવાડા ગામના ખેડૂતોએ તેમના ખેતરોમાંથી પસાર થતી GETCO (જેટકો)ની મોરદેવી-વાલોડ વીજ ટ્રાન્સમિશન લાઇનનો ઉગ્ર વિરોધ કર્યો છે. ખેડૂતોનો આક્ષેપ છે કે વહીવટી તંત્ર અને જેટકોના અધિકારીઓએ પરસ્પર મેળાપીપણું કરીને, ખેડૂતોને સંપૂર્ણ અંધારામાં રાખી આ આડેધડ કામગીરી શરૂ કરી દીધી છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર તાપી કલેક્ટર ડો.વિપિન ગર્ગ દ્વારા સ્થાનિક ખાતેદારોને સાંભળ્યા વિના જ એકતરફી હુકમ કરી દેવાયો છે, જે કુદરતી ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. 'ઇન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, 1885' અને 'ઇલેક્ટ્રિસિટી એક્ટ, 2003' હેઠળ ખેડૂતોને નોટિસ આપવી, જમીનનો નકશો દર્શાવવો અને વળતર અંગે ચર્ચા કરવી ફરજિયાત છે, પરંતુ અહીં કોઈ પણ પ્રકારની આગોતરી જાણ કે જમીન સંપાદનના વળતરની ચર્ચા કર્યા વિના જ સરવેની કામગીરી શરૂ કરી દેવાઈ છે. ખેડૂત વિરેન્દ્રસિંહ રાઠોડ અને બિલાલ કાઝીએ આક્ષેપ કર્યો કે, ત્રણ વખત થયેલી સુનાવણીમાં 80 ટકા અસરગ્રસ્ત ખેડૂતોને બોલાવાયા જ નહોતા અને તંત્રએ 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી છે. જો આ લાઇન નદી કિનારાના વિસ્તારમાંથી લેવાઈ હોત તો ખેડૂતોની કીમતી જમીનો બચી શકી હોત. ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ મનસ્વી કામગીરી તાત્કાલિક અટકાવવામાં નહીં આવે, તો તેઓ આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરીને કલેક્ટર કચેરીનો ઘેરાવ કરશે અને ન્યાય માટે હાઈકોર્ટનાં દ્વાર ખટખટાવી સ્ટે ઓર્ડર મેળવશે.







CHANGE OF NAME
I PRITIBEN SURESHKUMAR GAMIT legally wedded spouse of Service No. 17001717M, Rank: Naik, Unit: 515 Army Base Workshop Name: Gamit Sureshkumar Fulchandbhai. Declared that my name Pritiben is wrongly entered in my Husband Army service records. But my correct name is PRITIBEN SURESHKUMAR GAMIT All pls note it.
Resi. PATAI, Sub District: ARETH (Mandvi), District: Surat - 394163 (Gujarat - India)

ADARSH KELVANI MANDAL, KOSAMBA SANCHALIT
SCIENCE AND COMMERCE COLLEGE, TARSADI.
At.- Tarsadi, Po.- Kosamba, Ta.- Mangrol, Di.- Surat, Pin- 394120
Ph. :- +91 9586128170, E-mail : - akmkosamba@gmail.com,
Website : www.akmscc.ac.in

EMPLOYMENT NOTICE

| Sr. No. | Name of the Post | No. of the Post | Subject & Faculty |
|---|---|---|---|
| 1. | PRINCIPAL (11th Attempt) | 1 | Commerce/Science/Management |
| 2. | ASSISTANT PROFESSOR | 1 | MICROBIOLOGY |
| 3. | ASSISTANT PROFESSOR | 1 | BBA (Management) |

Qualifications, pay scale and service conditions are as per norms of U.G.C.-Regulations 2018 and Veer Narmad South Gujarat University, Surat. Interested candidates should apply with their detailed Curriculum Vitae along with all the necessary documents within **10 days** from the date of publication of this employment notice by Reg. Post / Speed Post only in favor of The Hon. Secretary, Adarsh Kelvani Mandal, Kosamba.

Advt. No.: 11/2026-27
Date: 05/06/2026
Place: Kosamba (R.S.)

Mr. Devendrasinh H. Chauhan
(Hon. Secretary)
Adarsh Kelvani Mandal, Kosamba (R.S.)














































